## જન્મદિવસે વધામણી



નમ્ર ભાવેશકુમાર પટેલ
માથાસુરીયાકંપા, તા.મોડાસા



દિવ્યમ ભૂપેન્દ્રકુમાર સોની
બાયડ



પ્રાર્થના ભૂપેન્દ્રકુમાર સોની
બાયડ



હિરલબેન આર. પટેલ
ધનસુરા



ઘનશ્યામ જે. ચૌધરી(મુખી)
પુંસરી, તા.તલોદ



એક્તાબેન જે. પટેલ
(મેનેજર : અર્બુદા એગ્રો કેમીકલ્સ પ્રા.લી.) બાયડ



દિપકભાઈ આર. પટેલ
ગાબટ, તા.બાયડ



ઘરમાં રહો સુરક્ષિત રહો

## ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

# ઉંઘતું તંત્ર સફાળું જાગ્યું, બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ ધરાશાયી કોરોના મહામારીનું બોર્ડ હટાવી લેવાયું

### દરેક મોરચે નિષ્ફળ તાલુકા વિકાસ અધિકારીની કામગીરીની સમીક્ષા જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાના કપરા કાળમાં તંત્રએ સજાગ રહેવાનું હોય છે. બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ કોરોના મહામારીમાં કેવી રીતે બચવું તેની જાણકારી માટે વહીવટી તંત્ર દ્વારા વિશાળ હોડિંગ્સ લગાવવામાં આવ્યું હતું પરંતુ તે કોઈપણ કારણોસર ધરાશાયી થયું હતું અને છેલ્લા ૫ દિવસથી ધરાશાયી હોડિંગ્સને જોઈ ઉંઘતા તંત્ર સામે પ્રજામાં આક્રોશ જોવા મળ્યો હતો. એકમાત્ર ગાંધીનગર સમાચારમાં શનિવારે સમાચાર પ્રસિદ્ધ થતાં ગણતરીની મીનીટોમાં જ તંત્રએ ધરાશાયી થયેલા બોર્ડને હટાવી લીધું છે. દરેક મોરચે નિષ્ફળ તાલુકા વિકાસ અધિકારીની કામગીરીની સમીક્ષા જરૂરી છે.



સમગ્ર તાલુકાના ૨૨૫ થી વધુ ગામડાઓના વિકાસની જેમના શિરે જવાબદારી છે તેવા તાલુકા વિકાસ અધિકારી કચેરી જ આસપાસની ગંદકીથી ખદબદી રહી છે અને ગામડાઓ સ્વચ્છ રહે તેવા કચેરીમાં બેઠા બેઠા આદેશ આપે છે. તાલુકા પંચાયત કચેરીમાં મુલાકાત લો એટલે કોરોનાનો ચેપ લાગે તેવી સ્થિતિ છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા કોરોનાથી અન્યોને બચાવી જાતે બચવાનું છે, સ્વસ્થ્ય સલામત, આદર્શ બનવાનું છે તે પ્રમાણે પ્રજાને જાગ્રત કરતા હોડિંગ્સ લગાવવામાં આવ્યા છે પરંતુ મહિલા અધિકારી જાણે કે હેલિકોપ્ટરમાં બેસીને કચેરીમાં આવતા હોય તેમ પ્રવેશદ્વાર આગળ ધરાશાયી થયેલું બોર્ડ જોતા જ ન હતા જેથી ભાજપ શાસિત તાલુકા પંચાયતની કામગીરી સામે પણ સ્વાભાવિક છે કે પ્રશ્નો ઉભા થાય. ધરાશાયી હોડિંગ્સ બાબતે તાલુકા પંચાયત કચેરીના મુખીયાને અહેવાલ મારફતે જાગ્રત કરવાનો પ્રયાસ કર્યો અને અહેવાલના કારણે તાબડતોબ ધરાશાયી થયેલું બોર્ડ હટાવી લેવામાં આવ્યું છે.

## કોરોના કોર્નર

- રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ.
- દિલ્હીમાં ૨૪ કલાકમાં ૪૩૮ ના મોત.
- દેશમાં કોરોના દર્દીઓની રિકવરીની ગતિ એક દિવસમાં ૧૧૧.૨૦ ટકા વધી છે. શુક્રવારે ૨૪ કલાકની અંદર રેકર્ડ ૨ લાખ ૨૦ હજાર ૩૮૨ લોકો સાજા થયા.
- ભારતમાં દર ૧૦ લાખ વસ્તીમાં ૧૧,૯૩૬ લોકો સંક્રમિત થઈ રહ્યા છે.
- રેમડેસિવિર ઈન્જેક્શનની ઉત્પાદન ક્ષમતા દર મહિને ૯૦ લાખ વાયલ સુધી વધારી દેવામાં આવી રહી છે.
- ઓક્સિજન સાથે જોડાયેલ વસ્તુઓ અને સાધન સામગ્રી પર આગામી ૩ માસ કસ્ટમ ડ્યુટી નહિ. વેક્સિન ઈમ્પોર્ટ પર પણ છૂટ.
- સુરતમાં કોર્પોરેશન દ્વારા કન્ટેનમેન્ટ ઝોન બહાર ખાનગી સિક્યુરીટીનો ઉપયોગ શરૂ કરાયો.
- અમેરિકાએ જોનસન એન્ડ જોનસનની કોરોના વેક્સિન પરનો પ્રતિબંધ હટાવ્યો છે.
- વિશ્વમાં અત્યાર સુધીમાં ૧૪.૬૨ કરોડથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચુક્યા છે.
- વિશ્વભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮.૯૬ લાખ નવા કેસ કોરોનાના નોંધાયા છે.

# ઈડરમાં ઘરકામ કરતી મહિલાના ગળામાંથી રૂા.૮૦ હજારના દોરાની ચીલઝડપ

### ચેઈનસ્નેચરો બેફામ, પોલીસ મુક પ્રેક્ષક બની

ઈડર / બાયડ, તા.૨૪

ઈડરમાં ઘરકામ કરતી મહિલા નયનાબેન હિંમતસિંહ રાઠોડ બાઈક ઉપર બેસીને જઈ રહ્યા હતા ત્યારે અન્ય બાઈક ઉપર આવેલા ચેઈન સ્નેચરે ગળામાં પહેરેલા રૂા.૮૦ હજારના દોરાની ચીલઝડપ કરી નાસી છૂટતાં ફરી એકવાર ઈડરમાં ચેઈન સ્નેચરો બેફામ થયાનું ચિત્ર ઉપસ્યું છે. પોલીસ મૂક પ્રેક્ષક બની ગઈ છે. કોરોનાના કપરા કાળમાં ગરીબ પરિવારની મહિલાના ગળામાંથી દોરાની ચીલઝડપ થઈ જતાં પરિવાર ઉપર વજ્રઘાત જેવી સ્થિતિ છે.

જિલ્લાના બાયડ, ઈડર, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ચેઈન સ્નેચર ટોળકી ફરી સક્રીય બની ગઈ છે. આ તમામ ટાઉનમાં ટાઉન જમાદારોની નિષ્ક્રિયતાના કારણે ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર ઈડરના ચંપાગલી વિસ્તારમાં રહેતાં નયનાબેન રાઠોડ મનિષભાઈ ગાંધીના ત્યાં વાસણ-કપડાં ધોવા માટે ગયાં હતાં અને તેમની બાઈક ઉપર બેસીને તેઓ ઘર તરફ જતા હતા ત્યારે કલાપી રેડીમેઈડ શો રૂમ આગળ બાઈક ઉપર આવેલા ચેઈન સ્નેચરે ૧૪ ગ્રામ સોનાનો દોરો ઝટકા સાથે ખેંચી ફરાર થઈ ગયો હતો. મહિલા બુમરેગ કરે તે અગાઉ ચેઈન સ્નેચર ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. બનાવ અંગે પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બાયડના ભરવાડનામુવાડાના યુવાનને છોકરી બતાવી છેતરપીંડી

### વિજયનગરના મોંઘરી નજીક બનેલા બનાવ અંગે પોલીસ ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

જિલ્લામાં કન્યાના મોહમાં અનેક મૂરતિયાઓ છેતરાઈ રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં લૂંટેરી દુલ્હનોએ અનેક પરિવારોને બરબાદ કર્યા છે ત્યારે બાયડ તાલુકાના લાંક નજીકના ભરવાડનામુવાડાના લાલાભાઈ ડાહ્યાભાઈ ભરવાડને લગ્ન કરવાની લાલચ આપી છોકરી બતાવી રૂા.૮૦ હજાર લઈ લીધા પછી માર મારી, રૂા.૬૦ હજાર બળજબરીપૂર્વક લઈ લેતાં મામલો વિજયનગર પોલીસ મથકે પહોંચ્યો છે. મોંઘરી નજીક બનેલા બનાવમાં પોલીસે ૬ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**આરોપીઓ...**
શંકરભાઈ મોહનભાઈ ખેર
સુરેશભાઈ જીવાજી પારઘી
(બંન્ને રહે.હીંગટીયા, તા.ખેડબ્રહ્મા)
પ્રવિણજી ભુરાજી નિનામા
અજયભાઈ છગનભાઈ નિનામા
રાહુલભાઈ દીતાજી નિનામા
(ત્રણેય રહે.મોંધરી, તા.વિજયનગર)
કાજલબેન બચુભાઈ સડાત
(રહે.મહાવીરનગર, વિજયનગર)

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી અનુસાર ભરવાડનામુવાડાના લાલાભાઈ ભરવાડને આરોપીઓએ ગેરકાયદે લગ્ન કરાવી આપવાની લાલચ આપી છોકરી દેખાડી હતી તથા આરોપી મહિલાએ પૂર્વ આયોજીત કાવતરૂ રચ્યા પછી બોલાચાલી કરી હતી અને ત્યારબાદ મારામારી થતાં રૂા.૬૦ હજાર બળજબરીપૂર્વક કઢાવી યુવાન તથા તેની સાથે આવેલા લોકોના મોબાઈલ ફોન પડાવી વાહનમાં અપહરણ કરી ગયા હતા. જ્યાં ગુપ્ત જગ્યાએ ગોંધી રાખ્યાનો પોલીસ ફરિયાદમાં આક્ષેપ થયો છે.

# બાયડમાં ટાબરીયાએ બોલેરો જીપ દોડાવી ભય ફેલાવ્યો, વાહનમાં દારૂ ભર્યાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

દારૂબંધીના લીરેલીરા ઉડાડતા બાયડ ટાઉનમાં દેશી-વિદેશી દારૂ માંગો એટલો મળે છે. સ્વૈચ્છીક લૉકડાઉનમાં વેચાણમાં ઉછાળો આવ્યો છે ત્યારે તાજેતરમાં જ બાયડમાં ટાબરીયાએ બોલેરો જીપ દોડાવી ભય ફેલાવ્યો હતો. વાહન બેકાબુ થયા પછી પાણીની ટેન્કર સાથે ટકરાઈ થંભી ગયું અન્યથા લગ્ન મંડપમાં બેઠેલા જાનૈયાઓ ઉપર જીપ ફરી વળી હોત તો..?? કદાચ કરૂણ દ્રશ્યો સામે આવ્યા હોત સદ્‌નસીબે આવું બન્યું નથી પરંતુ કહેવાય છે કે વાહનમાં દારૂ ભરેલો હતો અને ત્યાર પછી એકાએક ગાયબ થઈ ગયો છે.



**વાહન ટકરાયા પછી ક્ષતિગ્રસ્ત બન્યું, લગ્ન મંડપમાં બેઠેલા જાનૈયાઓ ઉપર જીપ ફરી વળી હોત તો...??**

રૂરવલ્લી પોલીસ ખુદ દારૂના વેપારી બનતી હોય ત્યારે દારૂબંધીના ગતકડા ઉપર પ્રજાને કોઈ વિશ્વાસ રહ્યો નથી. બાયડના અનેક શોપીંગ સેન્ટરોમાં અને જાહેરમાં સાંજ પડે દારૂની મહેફીલો જામે છે. પરંતુ બાયડની બાહોશ પોલીસને આવાં દ્રશ્યો ક્યાંય નજરે ચઢતાં નથી. માત્ર દારૂ પીધેલા ગરીબ પરિવારના માણસોને પકડી લાવી પ્રોહીબીશનના કેસ દેખાડવામાં આવે છે પરંતુ માલેતૂજારોને શિરપાવ આપવામાં આવે છે. બે દિવસ અગાઉની બાયડની ઘટનાએ કેટલાક લોકોને હચમચાવ્યા છે. વાત જાણે એમ છે કે બાયડમાં દારૂનો વેપલો કરતા બુટલેગરના પૌત્રએ દારૂ ભરેલું વાહન હંકારવાનો પ્રયાસ કર્યો. વાહન એકાએક દોડતું થયું અને બેકાબુ બન્યું. જ્યાં લગ્ન યોજાઈ રહ્યા હતા ત્યાં મંડપ પાસે ઉભી રહેલી ટેન્કર સાથે જીપ અથડાઈ પડી. પછી તો મન ભાવતું પીણું કેટલાકને મળ્યું અને શરૂ થઈ ખેંચમખેંચી જો કે વાહનને તાબડતોબ અન્ય જગ્યાએ ખસેડી દેવામાં આવ્યું. કહેવાય છે કે પોલીસ આવે તે અગાઉ જ વાહનમાં મૂકેલો પ્રતિબંધિત માલ હટાવી લેવામાં આવ્યો હતો.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# રેમડેસિવીરના ઉપયોગ અંગે સાચી સમજ

### રેમડેસિવીર દવા અંગેની કેટલીક હકીકતો

- ભારત સરકાર દ્વારા રેમડેસિવીર દવાને પ્રાયોગિક દવાઓની શ્રેણીમાં, ઇમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપેલ છે.
- આ દવા કોવિડના દરેક દર્દીઓ માટે જરૂરી નથી
- જે દર્દીઓમાં શ્વાસોચ્છ્વાસની ગતિ પ્રતિ મિનિટ ૨૪ થી ૩૦ હોય, ઓક્સિજનનું પ્રમાણ ૯૦% થી ઓછું હોય અને રોગના લક્ષણો દેખાયાના પાંચથી સાત દિવસ થયા હોય એ દર્દીઓમાં આ દવાનું શ્રેષ્ઠ પરિણામ જોવા મળે છે.
- આ દવાથી હોસ્પિટલના દિવસોમાં ઘટાડો થાય છે પરંતુ તેનાથી મૃત્યુદરમાં ઘટાડો કે શરીરમાં કોવિડના વાઇરસનું પ્રમાણ ઘટે છે તેવા નિશ્ચિત પ્રમાણ મળ્યા નથી.
- આ દવાથી દર્દીઓ કોવિડના માઇલ્ડ દર્દીઓ મધ્યમ કે ગંભીર અવસ્થામાં જતા અટકે છે તેવા કોઇ પ્રમાણ મળ્યા નથી.

### રેમડેસિવીરનો ઉપયોગ ક્યારે કરવો

- ઓક્સિજનનું પ્રમાણ ૯૦% થી ઓછું થાય.
- CT સિવીયારીટી સ્કોર ૨૦/૪૦ અથવા ૧૨/૨૫ કે તેનાથી વધારે હોય
- બીમારીના લક્ષણો શરૂ થયાના ૯ થી ઓછા દિવસ હોય

### રેમડેસિવીર દવાની ક્યારે જરૂર નથી

- કોવિડ પોઝિટીવ હોય પરંતુ કોઇ લક્ષણો ધરાવતા ન હોય
- માઇલ્ડ કે મધ્યમ અવસ્થાના કોવિડના દર્દીઓ કે જેમને ઓક્સિજનની જરૂર નથી
- જેમને કિડની અને લિવરની બીમારીઓ હોય




### મેડિકલ એસોસિએશનના ખ્યાતનામ તબીબો દ્વારા રેમડેસિવીરના યોગ્ય ઉપયોગ માટે ગુજરાતના નાગરિકોને અપીલ

- રેમડેસિવીરની અછતની પરિસ્થિતિ આ દવાના ખોટા ઉપયોગ, અતિઉપયોગ અને સંગ્રહખોરીને કારણે સર્જાઇ છે
- મહેરબાની કરીને દેખાદેખીમાં, ગભરાહટમાં, ડોક્ટરની સલાહ વિના પોતાના મનથી રેમડેસિવીર દવા શરૂ કરવી નહીં
- રેમડેસિવીરનો ઉપયોગ તમારા તબીબની યોગ્ય સલાહ અને તેમના સીધા સુપરવિઝન વિના કરવો નહીં.



"રેમડેસિવીર કોવિડથી થતા મૃત્યુને અટકાવી શકતી નથી. તેની પાછળ બિનજરૂરી દોડધામ કરવી જોઇએ નહીં."
**ડો. અતુલ પટેલ**
સિનિયર ચેપી રોગનાં નિષ્ણાત અને સ્ટેટ કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય



"કોવિડના દરેક દર્દીને રેમડેસિવીર દવાની જરૂર નથી હોતી. જે કેટલાકને જરૂર પડે તેમણે ડોક્ટરની યોગ્ય સલાહ બાદ જ આ દવા લેવી."
**ડો. વી. એન. શાહ**
સિનિયર ડાયેબીટોલોજીસ્ટ અને સ્ટેટ કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય



"રેમડેસિવીર દવાની આડ-અસર થઇ શકે છે. આ દવા હોસ્પિટલમાં ડોક્ટરના સીધા સુપરવિઝન હેઠળ જ લેવી."
**ડો. તુષાર પટેલ**
ક્રિટિકલ કેર નિષ્ણાત અને સ્ટેટ કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર